'ચૌધરી રેસીડેન્સ' લખેલા વિશાળ બંગલાના લોખંડના મોટા ગેટ ઈલેક્ટ્રોનિકલી ખૂલ્યા અને ઈ ક્લાસ, સફેદ મર્સિડિઝ, નંબર જીજે 1 કે સી 9999 બંગલાના કમ્પાઉન્ડમાં દાખલ થઈ. વોચમેનની કેબિનમાં લગાડેલા ઘડિયાળમાં બરાબર દોઢ વાગ્યો હતો. રોજ આ જ સમયે, આ જ ગાડી, આ જ રીતે બંગલાના ગેટમાંથી પ્રવેશ કરતી. તેમ છતાં, રોજની જેમ જ બંગલાના ગેટ પાસે આવેલી નાનકડી વોચમેન કેબિનમાંથી ચોકીદારે ફોન કરીને બંગલામાં ખબર આપી દીધા, 'સાહેબ આવી ગયા...'

મુખ્ય ગેટથી બંગલા સુધીનો ડ્રાઈવ-વે લગભગ સો મીટર લાંબો હતો. બંને તરફ નારિયેળી અને ખજૂરના વૃક્ષો, એની પાછળ વિશાળ લૉન અને લૉનના કિનારે ઉગાડેલા જાતજાતના રંગીન ફૂલોના કુંડા પસાર કરતી મર્સિડિઝ બંગલાના પોર્ચમાં આવીને ઊભી રહી. જૂની બ્રિટીશ ઈમારતોની જેમ બે થાંભલા પર બહાર કાઢેલી લિન્ટલ છતની નાનકડી અગાશીની નીચે, બંગલાના મુખ્ય દરવાજાની વચ્ચે આવેલી પોર્ચની જમીનમાં માર્બલ જડીને સુંદર કમળની ડિઝાઈન બનાવવામાં આવી હતી. લિન્ટલ છતને આધાર આપતા થાંભલા અને બંગલાના પગથિયાંની બરાબર વચ્ચે આવીને ગાડી અવાજ કર્યા વગર ઊભી રહી. બંગલાનો દરવાજો ખોલીને તૈયાર ઊભેલા ઘરના મેનેજર કમ હાઉસકીપર લલિતભાઈએ આગળ આવીને દરવાજો ખોલ્યો. કમલનાથ ચૌધરીએ ગાડીમાંથી પહેલાં જમણો પગ બહાર મૂક્યો, પછી પોતે ગાડીમાંથી બહાર આવ્યા.

છ ફૂટ બે ઈંચ ઊંચા, પહોળા ખભા અને વેલ્ટબિલ્ટ શરીર ધરાવતા કમલનાથ ચૌધરીનો ચહેરો થોડોક કરડો અને બહુ રૂપાળો કહી શકાય એવો નહોતો, પણ એમની આંખોમાં એક ચમક હતી. જાતમહેનતે કમાયેલા પૈસાની, પાવરની અને એ પાવર સાથે જોડાયેલી એમની પ્રતિષ્ઠાની ચમક! અમદાવાદથી 20-25 કિલોમીટર દૂર શીલજથી આગળ અને પલોડિયા ગામ પહેલાં મુખ્ય હાઈવે ઉપર આવેલા એમના આ ફાર્મ હાઉસના ફોટા લગભગ તમામ ઈન્ટિરિયર ડિઝાઈનના મેગેઝિન્સમાં પ્રકાશિત થઈ ચૂક્યા હતા. કમલનાથ ચૌધરી, ગુજરાત પોલિટિક્સ અને પાવરગેમનું બહુ મોટું માથું ગણાતા. 10 વર્ષ સુધી ઉદ્યોગ અને પછી હોમ મિનિસ્ટરી સંભાળ્યા પછી એમણે સ્વેચ્છાએ રાજકારણ સંપૂર્ણપણે છોડ્યું ત્યારે એ 50 વર્ષના હતા. અહીં, ફાર્મ હાઉસમાં રહેવાનો નિર્ણય કર્યો એ પછી એમણે જાહેરજીવનમાંથી લગભગ અદ્રશ્ય થઈ જવાનું પસંદ કર્યું હતું. હવે, પ્રેસ અને મીડિયાથી એ સંપૂર્ણપણે દૂર રહેતા. જાહેર કાર્યક્રમોમાં, સામાજિક પ્રસંગોએ કે બીજે ક્યાંય પણ પોતાની તસવીરો ન ખેંચાય એ વિશે સાવધાન રહેતા. કદાચ, કોઈએ તસવીર ખેંચી હોય તો એ મીડિયામાં ન પહોંચે એ માટે એમનો આખો સ્ટાફ કામે લાગી જતો. આમ તો રાજકારણથી દૂર, પણ સીએમથી શરૂ કરીને રાષ્ટ્રીય કક્ષાએ પક્ષના દરેક નેતા સાથે એમને અંગત અને પારિવારિક સંબંધો હતા. હજી સુધી, પક્ષને જ્યારે જરૂર પડે ત્યારે છુટા હાથે પૈસા વેરવામાં 'કમલજી'ને જરાય અચકાટ ન થતો. સહુ એમને માન આપતા અને એમનો પડ્યો બોલ ઝીલાતો, પણ કમલનાથ ભાગ્યે

જ બોલતા. માથું હલાવવાથી પતી જાય તો 'હા' કે 'ના' બોલવાની પણ એ તસ્દી ન લેતા.

બિલ્ડીંગ-કન્સ્ટ્રક્શનના વ્યવસાયમાં એમની કંપની 'રાધા કન્સ્ટ્રક્શન્સ'નું નામ આદરથી લેવાતું. રેડી મિક્સ સિમેન્ટના પ્લાન્ટ્સ, ટાઈલ્સ બનાવવાની કંપની અને આખા ગુજરાતમાં સતત ચાલતી એમની કન્સ્ટ્રક્શન સાઈટ્સ એમના ભાઈ પદ્મનાભ ચૌધરી અને લલિતભાઈનો દીકરો ઋતુરાજ સંભાળતા. દિવસ દરમિયાન ઓફિસમાં લાયઝનના જરૂરી કામ, અને જમીનના સોદા-લીગલ પેપર્સ વર્ક ઉપર કમલનાથની નજર રહેતી પણ એ ભાગ્યે જ ચંચુપાત કરતા.

એમની ઓફિસમાં એ ન બોલાવે, ત્યાં સુધી કોઈને જવાની છૂટ નહોતી. એમના એક માત્ર સાથી સલાહકાર કે સિક્રેટ કિપર-જે ગણો તે, લલિત સોલંકી હતા, જે છેલ્લા 45 વર્ષથી કમલનાથની સાથે જ હતા.

'ગુડ આફ્ટરનુન, સાહેબ!' લલિતભાઈએ સહેજ ઝૂકીને કહ્યું. જરાક જેટલું ડોકું હલાવીને કમલનાથે અભિવાદન ઝીલ્યું. એ પગથિયાં ચઢીને બંગલાના દરવાજામાંથી અંદર પ્રવેશી ગયા. એ જેવા ઘરમાં પ્રવેશ્યા કે તરત ફ્રીજમાં ઠંડો કરેલો ભીનો નેપકીન લઈને એક માણસ આગળ આવ્યો. કમલનાથજીએ નેપકીન લઈ ચહેરા પર થોડી સેકન્ડ રાખ્યો. ચહેરો અને હાથ લૂછીને નેપકીન ટ્રેમાં પાછો મૂક્યો.

ડ્રોઈંગ રૂમમાં પ્રવેશ કરતાં જ સીધી નજર પડે એવી રીતે સોનાની ફ્રેમમાં જડેલો એક પાંચ બાય પાંચનો એક ફોટો લટકતો હતો. એ ફોટામાં દેખાતી સ્ત્રી અત્યંત સુંદર, નમણી અને પહેલી નજરે જ સીધી-સાદી ગૃહિણી દેખાતી હતી. એક ક્ષણ માટે એ તસવીર તરફ જોઈ રહ્યા, કમલનાથ! પછી માથું ખંખેરીને જાણે વિચારો પણ ખંખેર્યા હોય એમ, એમની પાછળ ઘરમાં પ્રવેશ કરી રહેલા લલિતભાઈને પૂછ્યું, 'શામ્ભવીની ફ્લાઈટ?'

'સાડા આઠે અમદાવાદ લેન્ડ થશે.' લલિતભાઈએ કહ્યું. એમણે ખુરશી ખસેડી, કમલનાથ એમાં ગોઠવાયા અને લલિતભાઈ બાજુની ખુરશીમાં બેઠા. એ જ વખતે પદ્મનાભ-કમલનાથનો નાનો ભાઈ પણ ટેબલ પર ગોઠવાયો. 12 માણસ જમી શકે એવડા મોટા ડાઈનિંગ ટેબલ પર ત્રણ જ જણ માટે ટેબલમેટ, ચાંદીના થાળી-વાડકા અને ગ્લાસ તૈયાર હતા. એક પછી એક વસ્તુઓ પીરસાતી ગઈ. કમલનાથ, પદ્મનાભ અને લલિતભાઈ એક પણ અક્ષર બોલ્યા વિના જમતા રહ્યા. ભોજન પૂરું થયું એટલે પિત્તળનો જગ અને હાથ ધોવા માટેનું વાસણ લઈને માણસ આવ્યો. કમલનાથના હાથ ધોવડાવ્યા. લલિતભાઈએ ઊઠીને નજીક આવેલા બેઝિનમાં હાથ ધોયા.

ડાઈનિંગ રૂમમાંથી નીકળીને ડ્રોઈંગ રૂમમાં થઈને ઉપરની તરફ જતી સીડી પર પહેલું પગથિયું મૂકીને કમલનાથે લગભગ હુકમની જેમ કહ્યું, 'છ વાગ્યે.' એ ઉપર ચાલી ગયા.

લલિતભાઈએ ફરી એકવાર પોતાના ફોનમાં ફ્લાઈટનું સ્ટેટસ ચેક કર્યું, પછી બંગલાના પાછળના ભાગમાં આવેલી એમની નાનકડી બંગલી જેવી હોમ ઓફિસમાં ચાલી ગયા.

પોતાના રૂમમાં જઈને કમલનાથે વોક ઈન વોર્ડરોબમાં લટકતા ઝભ્ભો-લેંઘો પહેર્યા. વોશિંગ બાસ્કેટમાં પેન્ટ-શર્ટ નાખીને એ એમના બેડરૂમ સાથે જોડાયેલા મીડિયા રૂમમાં બેસીને ન્યૂઝ

જોવાનો એમનો રોજિંદો ક્રમ શરૂ કરતાં પહેલાં આજે એમની નજર બાજુના રૂમ તરફ ગઈ.

એમણે એ રૂમના અધખુલ્લા દરવાજાને સહેજ ધક્કો માર્યો. રૂમમાં પ્રવેશ્યા. બિલકુલ સામે, મોવ અને સફેદ દિવાલો ધરાવતા વૈભવી અને વિશાળ બેડરૂમના નાનકડા સિટીંગ એરિયામાં એક આખી દિવાલ પર લગાવેલી તસવીરો જોતા એ થોડીકવાર ઊભા રહ્યા. એ તસવીરો શામ્ભવી ચૌધરીની હતી. શામ્ભવી, એમની એકની એક દીકરી! દિવાલ ઉપર દીકરીના જન્મથી શરૂ કરીને એણે અમેરિકાથી મોકલાવેલી પોતાની અનેક તસવીરો લગાવવામાં આવી હતી. એના જન્મદિવસની ઊજવણી, એના મિત્રો, એનું ડોગ, એમની અરબી ઘોડી મોનાલિસા, શામ્ભવી સાથેના વિદેશના અનેક પ્રવાસોની કેટલીય સ્મૃતિઓ આ બધી તસવીરોમાં કેદ હતી. કમલનાથે હાથ લંબાવીને શામ્ભવીના છેલ્લા ફોટાને સ્પર્શ કર્યો. આંગળીના ટેરવાં પર કાચની ઠંડી પરતનો સ્પર્શ થયો. કમલનાથની આંખો સહેજ ભીની થઈ... ઝળઝળિયાંને પેલે પાર આવેલી તસવીરમાં દેખાતી શામ્ભવીનો ચહેરો અને નીચે ડ્રોઈંગ રૂમમાં હજી હમણાં જ જોયેલા સોનાની ફ્રેમમાં જડેલા ફોટામાં દેખાતો ચહેરો એકબીજાથી જરાય જુદા નહોતા!

નીચે લટકતા ફોટામાંની સ્ત્રી જો થોડી નાની હોય, એના વાળને અંબોડાને બદલે છુટા છોડી દેવામાં આવે, આછો મેક-અપ કરવામાં આવે તો આ બે ચહેરા એકમેકમાં એવા ભળી જાય, કે છુટા ન પાડી શકાય! જોનારની આંખોને દ્રષ્ટિભ્રમ થઈ જાય એટલા સરખા હતા બે ચહેરા!

નીચે ડ્રોઈંગ રૂમમાં લટકતી તસવીર કમલનાથની પત્ની રાધાની હતી. અહીં-આખી દિવાલ ભરીને લટકતી તસવીરો શામ્ભવીની હતી! રાધાના ફોટાને હાર ચડાવવામાં આવ્યો ત્યારે કમલનાથ 50ના હતા અને શામ્ભવી 13ની.

રાધાની ગેરહાજરીમાં કમલનાથે શામ્ભવીની સંપૂર્ણ જવાબદારી ઉપાડી લીધી. શામ્ભવીને કોઈ દિવસ 'મા'ની ખોટ ન સાલે એ માટે રાજકારણ છોડીને પોતાનું આખું ટાઈમટેબલ શામ્ભવીના દિવસની આસપાસ ગોઠવી દીધું. સવારે શામ્ભવી સ્કૂલે જાય ત્યારે કમલનાથ જાતે એને બસ સ્ટોપ સુધી મૂકી આવતા, એ 1 ને 40એ સ્કૂલેથી આવે એ પહેલાં દોઢ વાગ્યે કમલનાથ ઓફિસથી ઘરે આવી જતા. બાપ-દીકરી સાથે લંચ કરે એ પછી શામ્ભવી પોતાની પ્રવૃત્તિઓમાં વ્યસ્ત થઈ જતી અને કમલનાથ પાછા ઓફિસે ચાલી જતા. સાંજે શામ્ભવીનો કાર્યક્રમ જાણીને પોતાનો કાર્યક્રમ ગોઠવતા ને રાત્રે શામ્ભવી પોતાના મોવ અને વ્હાઈટ દિવાલોથી રંગેલા, ટેડી અને ટોય્ઝથી ભરેલા, ફેરીલેન્ડ જેવા રૂમમાં જઈને, 'ગુડ નાઈટ' કહે એ પછી જ, કમલનાથ પોતાના રૂમમાં જતા.

જોકે, 12મું ધોરણ પાસ થતાં જ શામ્ભવીને અમેરિકા મોકલી દેવામાં આવી.

શામ્ભવી ભણવા માટે અમેરિકા ગઈ એ પછી પણ બાપ-દીકરી વચ્ચે રોજ એકવાર વાત થતી. હજારો કિલોમીટર દૂરથી પણ શામ્ભવીની ઝીણી ઝીણી જરૂરિયાતો, શોખ કે ઈચ્છા પૂરી કરવા માટે કમલનાથ આસમાન-જમીન એક કરી નાખતા. છેલ્લા છ વર્ષથી શામ્ભવી અમેરિકા હતી, પરંતુ દોઢ વાગ્યે ઘરે આવવાનો કમલનાથનો ક્રમ તૂટ્યો નહોતો... આવતીકાલે દોઢ વાગ્યે ફરી એકવાર પિતા-પુત્રી સાથે જમશે! એમને વિચાર આવ્યો.

સાયકોલોજીમાં માસ્ટર્સ કરીને, ખૂબ સારા ગ્રેડ્સ સાથે આજે, ચાર વર્ષે શામ્ભવી પાછી આવી રહી હતી. કમલનાથના હૃદયમાં ખૂબ ઉત્સાહ હતો. એમણે શામ્ભવી માટે છોકરો પણ જોઈ રાખ્યો હતો. અમદાવાદના એક ગર્ભ શ્રીમંત પરિવારનો દીકરો! ચાર પેઢીથી જેમની શિક્ષણ ક્ષેત્રે, કલાના ક્ષેત્રમાં ઊંચી શાખ હતી એવા 'સોમચંદ' પરિવારનો દીકરો અનંત સોમચંદ. અમેરિકાથી એમબીએ ભણીને આવેલો અનંત હવે ફેમિલી બિઝનેસ સંભાળતો હતો. હોટેલ્સ, ચેઈન ઓફ રેસ્ટોરાંઝ, અને વિદેશની ફૂડ બ્રાન્ચને ભારત લાવીને એની ફ્રેન્ચાઈઝ ચેઈન જેવા કેટલાયે મોનોપોલી વ્યવસાયમાં  સોમચંદ પરિવાર આગળ હતો. અનંત હેન્ડસમ હતો. કોઈપણ છોકરી એને જોતાંની સાથે દિલ હારી જાય એવો સ્ટાઈલિશ, રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય બિઝનેસ મેગેઝિન્સ, ફેશન મેગેઝિન્સ, હોસ્પિટાલિટી મેગેઝિન્સના કવર્સ પર અને ન્યૂઝ ચેનલ્સ, મીડિયામાં અનંત છવાયેલો રહેતો. સોશિયલ મીડિયામાં એના લાખો ફોલોઅર્સ હતા. ભારતના મોસ્ટ એલિજિબલ બેચલર્સમાંના એક, અનંત સોમચંદને કેટલાય સમયથી કમલનાથે મનોમન પોતાના જમાઈ તરીકે 'બુક' કરી રાખ્યો હતો. એના પિતા અખિલેશ સોમચંદ સાથે પણ એ વિશે વાત થઈ ચૂકી હતી. હવે બંને સંતાનો  મળે, અને એકમેકની સાથે જીવન જીવવાના માતા-પિતાએ કરેલા નિર્ણય પર સંમતિની મહોર મારે એની જ રાહ જોવાતી હતી...

❖